ગુજરાત સરકારના કામકાજના નિયમો-૧૯૯૦ ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડેલ સરકારી કામકાજ સંબંધે સૂચનાઓ પ્રમાણે અધિકારીઓને સત્તાની સોંપણી.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
હુકમ ક્રમાંકઃ-મકમ-૧૦૨૦૧૬-૧૦૦૪-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. 01 MAY 2023

હુકમ :

ગુજરાત સરકારના કામકાજના નિયમો-૧૯૯૦નાં નિયમો-૧૫ હેઠળ બહાર પાડેલી સરકારના કામકાજના સંબંધી સુચનાઓની સુચના ૪(૧) અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગને યાત્રાધામ અને દેવસ્થાનને સંબંધિત ફાળવવામાં આવેલ વિષયોની યાદીમાંના વિષયો હું ભુપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, યાત્રાધામ અને દેવસ્થાનને સંબંધિત ફાળવેલા વિષયો સંબંધના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કરેલ રજુઆતનો રાહ હેઠળના વિષયો તથા નાણા વિભાગે નક્કી કરેલ નાણાકીય સત્તાની સોંપણીના હુકમો મુજબ અને તે સિવાયના કેસો આ હુકમ સાથે જોડેલી પરિશિષ્ટ ૧ અને ૨ માં દર્શાવ્યા પ્રમાણેના સ્તરે નિકાલ કરવાનું આથી ઠરાવું છું.

વધુમાં, યાત્રાધામ અને દેવસ્થાન પ્રભાગને સંબંધિત કોઈપણ અગત્યની/મહત્વની બાબત જે મારા ધ્યાન ઉપર લાવવી જરૂરી હોય તેવી તમામ બાબતો કે, જે અંગે સત્તા સોંપણી કરવામાં આવેલ હોય તો પણ તે અંગે આખરી નિર્ણય કરતાં પહેલાં મારો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે અને તેમાં મળેલા આદેશો પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

ભુપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી,
યાત્રાધામ અને દેવસ્થાન

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, બ્લોક નં.૩, પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેકટર ૧૦/બી, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વધારાની પાંચ નકલ સાથે)

- સચિવાલયના સર્વે વિભાગો.
- ઉદ્યોગ અને ખાણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળના ખાતાના વડાઓ.
- ઉદ્યોગ અને ખાણ વિભાગના સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઈલ.

## પરિશિષ્ટ-૧

### માન.મુખ્યમંત્રીશ્રી (યાત્રાધામ અને દેવસ્થાન)ને રજૂ કરવાના કેસો.

| ક્રમાંક | વિષય |
|---|---|
| ૧. | યાત્રાધામ અને દેવસ્થાનને લગતી નીતિ વિષયક બાબતો. |
| ૨. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડનું એકત્રીકરણ, વિલીનીકરણ, મુડીના વિનિવેશીકરણ (ડીસઈન્વેસ્ટમેન્ટ) તથા કર્મચારીઓની સ્વૈછીક નિવૃતિ યોજના. |
| ૩. | યાત્રાધામ ક્ષેત્રના સરકાર હસ્તકના પવિત્ર યાત્રાધામ અને દેવસ્થાનના ટ્રસ્ટમાં ફેરફાર કરવા બાબત. |
| ૪. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરીના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓ બાબતે ગુજરાત જાહેર સેવા આયોગની સલાહનો અસ્વીકાર. |
| ૫. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરીના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવંતા અધિકારીઓની ૫૦-૫૫ વર્ષે સમિક્ષા-અપરિપક્વ નિવૃતિના કેસો તથા ચાલુ રાખવાના કેસો. |
| ૬. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરીના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓની પુન:નિયુક્તિ-સેવા વૃદ્ધિ- કરાર આધારીત નિમણૂંક. |
| ૭. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરીના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણમાં પગાર મેળવતા અધિકારીઓને કાયમી કરવા તથા પ્રતિનિયુક્તિની બાબત. |
| ૮. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓની આયોગની ભલામણ અનુસાર વર્ગ-૧ના પગાર ધોરણ રૂપિયા ૧૬૦૦૦-૨૦૦૫૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૩૭૪૦૦-૬૭૦૦૦ નું પગાર ધોરણ + ગ્રેડ પે રૂપિયા ૮૭૦૦)થી નીચેના અધિકારીઓની સીધી ભરતીથી નિમણૂક આપવા અંગે. |
| ૯. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અિધકારીઓનો અજમાયશી સમય પૂર્ણ થતા લાંબા ગાળાના ધોરણે વર્ગ-૧ ના પગાર ધોરણ રૂપિયા ૧૬૦૦૦-૨૦૦૫૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૩૭૪૦૦-૬૭૦૦૦ + ગ્રેડ પે રૂપિયા ૮૭૦૦)થી નીચેના અધિકારીઓની નિમણુંક. |
| ૧૦. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના પગાર ધોરણ રૂપિયા ૧૬૦૦૦-૨૦૦૫૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૩૭૪૦૦- ૬૭૦૦૦ નું પગાર ધોરણ +ગ્રેડ પે રૂપિયા ૮૭૦૦) થી નીચેના અધિકારીઓનો અજમાયશી સમય લંબાવવા અંગે. |
| ૧૧. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના પગાર ધોરણ રૂપિયા ૧૬૦૦૦-૨૦૦૫૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૩૭૪૦૦-રૂ.૬૭૦૦૦ + ગ્રેડ પે રૂપિયા ૮૭૦૦)થી નીચેના અધિકારીઓની બઢતી માટેની પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર. |
| ૧૨. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓની પસંદગી યાદીમાંથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગની અનુમતીની અપેક્ષાએ સૂચિત પસંદગી યાદીમાંથી વર્ગ-૧ના પગાર ધોરણ રૂપિયા ૧૨૦૦૦-૧૬૫૦૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૧૫૬૦૦- ૩૯૧૦૦ + ગ્રેડ પે રૂપિયા ૭૬૦૦) થી નીચેના અધિકારીઓને બઢતી |
| ૧૩. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના પગાર ધોરણ રૂપિયા ૧૬૦૦૦-૨૦૦૫૦ (નવુ પગાર |

| | |
|---|---|
| | ધોરણ રૂપિયા ૩૭૪૦૦- ૬૭૦૦૦ + ગ્રેડ પે રૂપિયા ૮૭૦૦) થી નીચેના અધિકારીઓને ફોરેન એસાઇમેન્ટ. |
| ૧૪. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના પગાર ધોરણ રૂપિયા ૧૨૦૦૦-૧૬૫૦૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૧૫૬૦૦- રૂપિયા ૩૯૧૦૦ + ગ્રેડ પે રૂપિયા ૭૬૦૦)અથવા તેની નીચેના પગાર ધોરણ મેળવતા અધિકારીઓની બઢતી, બદલી અને નિમણૂકના કેસો. |
| ૧૫. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના પગાર ધોરણ રૂપિયા ૧૬૦૦૦-૨૦૦૫૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૩૭૪૦૦-૬૭૦૦૦ + ગ્રેડ પે રૂપિયા ૮૭૦૦)થી નીચેના અધિકારીઓ અંગેની પસંદગી સમિતિની ભલામણનો અસ્વીકાર. |
| ૧૬. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના બધા જ પગાર ધોરણ મેળવતા હોય તેવા અધિકારીઓની ખાતાકીય તપાસ ચાલુ હોય કે સરકારી લેણું બાકી હોય તેવા કેસોની સ્વૈચ્છિક નિવૃત્તિ. |
| ૧૭. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૨ ના અધિકારીના સંબંધમાં ૫૦-૫૫ વર્ષે સમીક્ષાના સંબંધમાં અપરિપકવ નિવૃત્તિ અને ચાલુ રાખવાનાં કેસો, શિસ્તભંગના પગલાં લેવા, રાજીનામું, નિવૃત્તિ તથા ખાનગી અહેવાલ વિરુધ્ધ નોંધ સામેની રજૂઆતો બાબત. |
| ૧૮. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ માટે પસંદગી યાદી અનુસાર બઢતીથી લાંબી મુદતની પ્રથમ નિમણુંક અને વર્ગ-૧ ના પગાર ધોરણ રૂપિયા ૧૬૦૦૦-૨૦૦૫૦ (નવુ પગાર ધોરણ રૂપિયા ૩૭૪૦૦- ૬૭૦૦૦ + ગ્રેડ પે રૂપિયા ૮૭૦૦)થી નીચેના અધિકારીઓના સંબંધમાં પસંદગી યાદી અનુસાર બે મહિનાથી વધુ મુદત માટેની ત્યાર પછીની નિમણુંકો સંબંધમાં ગુજરાત જાહેર સેવા આયોગની સલાહ અનુસાર સીધી ભરતીથી પ્રથમ નિમણુંક બાબત. |
| ૧૯. | યાત્રાધામ અને દેવસ્થાનના વિધાનસભાના પ્રશ્નોના જવાબ બાબત. |
| ૨૦. | યાત્રાધામ અને દેવસ્થાનની યોજનાઓનું મુલ્યાંકન કરવા બાબત. |
| ૨૧. | યાત્રાધામ અને દેવસ્થાન માટે વાર્ષિક આયોજન, બજેટ જોગવાઇઓ અને નવી બાબતો આખરી કરવા બાબત. |
| ૨૨. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૨ના અધિકારીઓની સીધી ભરતીથી નિમણૂક આપવા અંગે. |
| ૨૩. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓનો અજમાયશી સમય પૂર્ણ થતા લાંબા ગાળાના ધોરણે વર્ગ-૨ ના અધિકારીઓની નિમણુંક. |
| ૨૪. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૨ના અધિકારીઓનો અજમાયશી સમય લંબાવવા અંગેની બાબત. |
| ૨૫. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓની પસંદગી યાદીમાંથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગની અનુમતીની અપેક્ષાએ સૂચિત પસંદગી યાદીમાંથી વર્ગ-૨ ના અધિકારીઓને બઢતી. |
| ૨૬. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૨ ના અધિકારીઓની બઢતી, બદલી અને નિમણૂકના કેસો. |
| ૨૭. | યાત્રાધામ અને દેવસ્થાન માંટે કેન્દ્ર સરકારશ્રીને મંજૂરી માટે મોકલવાની થતી કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ સરકારશ્રી કક્ષાએ રજૂ કરવાની રહેશે. |

| | |
|---|---|
| ૨૮. | યાત્રાધામ અને દેવસ્થાનના સરકારી ટ્રસ્ટ હસ્તકના દેવસ્થાનને ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત. |
| ૨૯. | યાત્રાધામ ક્ષેત્રના ખાનગી ટ્રસ્ટ હસ્તકના દેવસ્થનોને વિભાગના ઠરાવ મુજબ નિયત થયેલ નાણાકીય મર્યાદા કરતા વધુ ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત. |
| ૩૦. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના પ્રોજેકટની દરખાસ્તો સરકારશ્રી કક્ષાએ રજૂ કરવાની રહેશે. |
| ૩૧. | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના પ્રોજેકટ માટે ખાસ કિસ્સા તરીકે આર્કિટેકટ અને PMCની નિમણૂકની દરખાસ્તો સરકારશ્રી કક્ષાએ રજૂ કરવાની રહેશે. |
| ૩૨. | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૨-૨૦૦૫ ના channel of submission ના ઠરાવથી કરવામાં આવેલી જોગવાઈ અને તે અંગેના સુધારા / વધારા/ ફેરફારો અને પ્રસ્તુત બાબતે સરકારશ્રીના આદેશો અન્વયે ભવિષ્યમાં કરવામાં આવે તે જોગવાઈ મુજબ ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના તમામ અધિકારીઓના કિસ્સાઓમાં બદલી/બઢતી/નિમણૂંક/નિયુક્તિ/અજમાયશી સમય/શિસ્ત વિષયક બાબતો. |
| ૩૩. | યાત્રાધામ અને દેવસ્થાન સંબંધિત આંતરરાષ્ટ્રીય કક્ષાએ (વિદેશોમાં) યોજાતા પ્રદર્શન/કાર્યક્રમો અને સેમીનારમાં ભાગ લેવાની તેમજ તે સંબંધના ખર્ચની મંજૂરી આપવા અંગેની બાબત (આ સંબંધમાં સામાન્ય વહીવટ વિભાગ / નાણા વિભાગની સ્થાયી સૂચનાઓ અનુસાર કાયવાહી કરવાની શરતે) સરકારશ્રી કક્ષાએ રજૂ કરવાની રહેશે. |
| ૩૪. | યાત્રાધામ વિકાસ પ્રભાગને સંબંધિત પ્રચાર-પ્રસારને લગતી દરખાસ્તો સરકારશ્રી કક્ષાએ રજૂ કરવાની રહેશે. |

## પરિશિષ્ટ-૨

## સચિવશ્રી (પ્રવાસન) કક્ષાએ નિકાલ કરવાના કેસો.

## યાત્રાધામ અને દેવસ્થાન

| ક્રમાંક | વિષય |
|---|---|
| ૧ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના અધિકારીઓની પ્રાપ્ત રજા, રજા પ્રવાસ રાહત, ચાર્જ એલાઉન્સ, વાહન પેશગી, અન્ય પેશગીઓ, ભવિષ્ય નીધિમાંથી પેશગી અને ઉપાડ, પેન્શન, ગ્રેજયુઇટી વગેરે મંજુર કરવા બાબત. તેમજ વર્ગ-૧ ના અધિકારીઓને સામાન્ય વહીવટ વિભાગ/નાણાં વિભાગના હુકમો મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત. |
| ૨ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓને પાસપોર્ટ અને વીઝા મેળવવા માટેના "ના વાંધા પ્રમાણપત્ર" આપવા બાબત |
| ૩ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડને નાણા વિભાગનાં આદેશો અનુસાર હવાઇ પ્રવાસની મંજૂરી આપવા બાબત. |
| ૪ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વહીવટના સંદર્ભમાં આવેલ અનામી અને બીજાઓના નામે કરેલ અરજીઓની તપાસ અધિકારીઓને સોંપવા બાબત. |
| ૫ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરીના સરકારી વાહનો તથા સામગ્રી માંડવાળ (રાઇટઓફ) કરવા બાબત. |
| ૬ | યાત્રાધામ અને દેવસ્થાનના સંદર્ભમાં જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, ગૌણ વિધાન સમિતિ, અંદાજ સમિતિ, ખાતરી સમિતિ, એકાઉન્ટન્ટ જનરલશ્રી તરફથી આવતા ડ્રાફટ પારા વગેરેને લગતી બાબતો અને સરકારે આપેલ ખાતરી અંગે લીધેલા પગલાના પત્રકો. |
| ૭. | યાત્રાધામ અને દેવસ્થાનના સંદર્ભમાં વિધાનસભાના પ્રશ્નો સચિવાલયના બીજા વિભાગને તબદીલ કરવા. |
| ૮ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારી અને કર્મચારીઓને કચેરીના કામકાજના સમય સિવાયના સમય દરમિયાન અભ્યાસ કરવા અંગેની મંજૂરી બાબત. |
| ૯ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારી અને કર્મચારી માટે બદલીની તારીખથી એક વર્ષ સુધી બદલીના સ્થળે જવા, બદલી થયેલા સરકારી કર્મચારીના કુટુંબ માટે ઠરાવેલી સમય મર્યાદામાં છુટછાટ આપવા બાબત. |
| ૧૦ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના વર્ગ-૧ ના અધિકારીઓને સામાન્ય ભવિષ્ય નીધિમાંથી પેશગી તથા મોટર વાહન પેશગી, મકાન બાંધકામ પેશગી અને અન્ય પેશગી મંજૂર કરવા બાબત. |
| ૧૧ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરીના નોકરી દરમિયાન મૃત્યુ પામનાર અધિકારી અને કર્મચારીના કુટુંબના સભ્યને નિયમાનુસાર મળવાપાત્ર નાણાકીય લાભો આપવા બાબત. |
| ૧૨ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના અંદાજપત્રની બાબતો. |
| ૧૩ | યાત્રાધામ અને દેવસ્થાનની બચત સુપ્રત કરવા સંબંધી હુકમ. |
| ૧૪ | યાત્રાધામ અને દેવસ્થાનના ફંડનો પુર્નવિનિયોગ. |

| | |
|---|---|
| ૧૫ | યાત્રાધામ અને દેવસ્થાનની પૂરક માંગણીઓ. |
| ૧૬ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના પ્રકીર્ણ આવર્તક ખર્ચ મંજુર કરવા બાબત. |
| ૧૭ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરી માટે સ્ટોર્સની વસુલ ન થઇ શકે તેવી ચીજવસ્તુ, જાહેર નાણા વિગેરે માંડવાળ કરવા બાબત. |
| ૧૮ | યાત્રાધામ અને દેવસ્થાન માટે કાયદાકીય બાબતોના અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થાય તો કાયદા વિભાગ સાથે પરામર્શ કરવા બાબત. |
| ૧૯ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ માટેની નવી સ્ટાફ કાર, વાહનોની ખરીદીની નાણા વિભાગની મંજૂરી માટેની દરખાસ્તો. |
| ૨૦ | ગ્રાન્ટ ઇન એઇડ અને અનુદાન, ગ્રાન્ટ આપવાની બાબતો. |
| ૨૧ | યાત્રાધામ અને દેવસ્થાનના સંદર્ભમાં રાજ્ય, આંતરરાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ યોજાતા પ્રદર્શન/ કાર્યક્રમ/ સેમીનારમાં ભાગ લેવાની મંજૂરી આપવા બાબત. |
| ૨૨ | યાત્રાધામ અને દેવસ્થાનના સંદર્ભમાં સંસદ સભ્યશ્રી અને ધારાસભ્યશ્રીના સંદર્ભ બાબત. |
| ૨૩ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની કચેરીનું નિરીક્ષણ કરવા અંગે. |
| ૨૪ | યાત્રાધામ અને દેવસ્થાનના સંદર્ભમાં લોકસભા અને રાજયસભાના પ્રશ્નોના જવાબ આપવા બાબત. |
| ૨૫ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ ના વર્ગ-૨ ના અધિકારીઓને શિસ્ત ભંગના પગલાં, શિક્ષાને લગતા હુકમો કરવા બાબત. સામાન્ય વહીવટ વિભાગના હુકમને આધિન રહીને નોકરીમાં પાછા લેવાની દરખાસ્તો, બદલી, બઢતી અને દેશની અંદરની લાંબાગાળાની તાલીમની દરખાસ્તો બાબત. |
| ૨૬ | યાત્રાધામ શાખામાં કામગીરીની વહેંચણી કરવા બાબત. |
| ૨૭ | ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના આર્કિટેકટ અને PMCની નિમણૂક કરવા બાબત. |